**પ્રદિપ પરમાર**

ક્રમાંક : મંત્રીશ્રી/સા.ન્યા.અને અ./ VIP /૨૦૨૧

**મંત્રી,**

**સામાજિક ન્યાય અને અધિકારીતા**

**ગુજરાત સરકાર**

સ્વર્ણિમ સંકુલ-૧, પહેલો માળ,

નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

सत्यमेव जयते

તારીખ :

અનુસૂચિત જાતિઓ પૈકી ૧૨ અતિપછાત જાતિઓના સર્વાંગી વિકાસ માટે રાજ્યની ભાજપા સરકાર કટિબધ્ધ છે.

ગુજરાતના પનોતા પુત્ર એવા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના આપણા દેશના યશસ્વી વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વંચિતોનો વિકાસ એવો મહામંત્ર આપ્યો હતો. આ મહામંત્રને સાર્થક કરવા આ ૧૨ અતિપછાત જાતિઓ માટે ખાસ અલાયદા તંત્રની રચના કરીને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની સ્થાપના કરીને છેવાડાના જરૂરિયાતમંદ લોકો સુધી કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડવા આશિર્વાદરૂપ પગલું ભર્યું હતું.

માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની ગુજરાત સરકાર રાજ્યના અતિપછાત વર્ગને આત્મનિર્ભર બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબધ્ધ છે. “આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત”ના મહામંત્રને સાકાર કરવા, “વિકાસ સર્વજન હિતાય હોય, વિકાસ સર્વજન સુખાય હોય”, વિકાસ છેવાડાના માનવીને માટે કલ્યાણકારી હોય એ રીતે ચરિતાર્થ કરવા આ સરકાર પ્રતિબધ્ધતા સાથે સંનિષ્ઠ પ્રયાસ કરી રહી છે.

ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના માધ્યમથી અતિપછાત જાતિઓના આર્થિક વિકાસ માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડાઇ રહ્યો છે ત્યારે આ જાતિઓ સ્વરોજગાર થકી આત્મનિર્ભર બની “શ્રેષ્ઠ ભારત - શ્રેષ્ઠ ગુજરાત”ના સુવિકસિત હિસ્સાનો ભાગ બને તેવી શુભકામના સાથે

“સૌનો સાથ, સૌનો વિકાસ”, “સૌનો પ્રયાસ, સૌનો વિશ્વાસ”

(પ્રદિપ પરમાર)

**ફોન નં. :** (૦૭૯) ૨૩૨ ૫૦૨૩૦, ૨૩૨ ૫૦૨૨૬, **ફેક્સ નં. :** (૦૭૯) ૨૩૨ ૫૦૨૬૩

**ઇ-મેઇલ :** pradipparmar.office@gmail.com